


# સેતુ

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૩ અંક : ૯૦ ઓક્ટોમ્બર - ૨૦૨૧**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## પિતૃયજ્ઞનું પર્વ

પ્રત્યેક વ્યક્તિએ પિતૃયજ્ઞ અવશ્ય કરવો જોઈએ. પિતૃ એટલે દિવંગત માતાપિતા, વડીલો અને પૂર્વજો. માતા જન્મ આપે છે. પયપાન કરાવી સંસ્કારો આપીને આપણને ઉછેરે છે. પિતા અને દાદા-દાદી જ્ઞાન વિદ્યા શિક્ષણ આધાર અને છત્ર આપે છે. ગુરુ વ્યવહાર જ્ઞાન અને અધ્યાત્મ જ્ઞાન આપે છે. વડીલો માર્ગદર્શન આપે છે.

માતા આપણું મૂળ છે; આ જગત સાથેનો આપણો નાભિનાળ સંબંધ એ જોડી આપે છે. પિતા અને વડીલો કુળ અને વંશ આપે છે. ગુરુ ગોત્ર આપે છે. પૂર્વજો પરંપરા અને પ્રણાલિકાઓ આપે છે. તેથી આ બધાનું પણ આપણી ઉપર ઘણું ઋણ ચઢેલું હોય છે.

તેથી એમનો આદર કરવો, એમના વચનોનું અને આજ્ઞાઓનું પાલન કરવું, એમની સેવા-સુશ્રૂષા કરવી એ પ્રત્યેક મનુષ્યની ફરજ છે. જો પિતૃઓ જીવિત હોય તો આમ કરી શકાય છે. પરંતુ આ પિતૃઓ દિવંગત હોય તો શું કરવું જોઈએ ? આપણો જે કુળ કે વંશમાં જન્મ થયો હોય તે કુળ અને વંશના પૂર્વજોનું પીંડદાન, શ્રાદ્ધક્રિયા, નારાયણબલિ ક્રિયા તેમજ ભાગવત પારાયણ બેસાડવા જેવી ક્રિયાઓ કરી તર્પણ કરવું એ પિતૃયજ્ઞ છે.

પ્રજાતંતુનું સાતત્ય સચવાય એ માટે સંતાનોત્પત્તિ કરવી, કુટુંબ પરિવાર અને ગૃહસૂત્રનું સુચારુ ઢંગથી સંચાલન કરવું એ પણ પિતૃયજ્ઞ છે. આપણે આપણા જીવનમાં જે કાંઈ બની શક્યા હોઈએ છીએ, પ્રાપ્ત કરી શક્યા હોઈએ છીએ તેમાં આ સૌનો ઘણો ફાળો હોય છે. આપણા જન્મથી માંડી મરણ સુધી આપણને આ સૌ કાંઈ ને કાંઈ આપતાં જ રહે છે. એમની પાસેથી પ્રાપ્ત થયેલી સ્થૂળ અને સુક્ષ્મ મૂડીથી જ આપણે આપણા જીવનમાં જે કોઈ પરિસ્થિતિઓ કે પડકારો આવ્યા હોય, તેમનો યથાયોગ્ય મુકાબલો કરી શક્યા હોઈએ છીએ. એમના અગણિત ઉપકારોનું ક્યારેય વિસ્મરણ થવું જોઈએ નહિં.

આ વાત અત્યારે એટલા માટે યાદ કરી છે, કેમ કે, તા. ૨૦મી સપ્ટેમ્બરથી ૬ઠી ઓક્ટોબર દરમ્યાન શ્રાદ્ધના દિવસો શરુ થઈ રહ્યા છે. ભાદરવા સુદ પૂનમથી અમાસ સુધી એ ચાલશે. એ દરમ્યાન વડીલની નિર્વાણતિથી જે દિવસે આવે ત્યારે એ દિવસે એમનું તર્પણ કરવું.

**ડૉ. નરેશભાઈ વેદ**

## પ્રમુખનો પત્ર

**"ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે"** યુગ જૂની આ ઉક્તિ અફઘાનિસ્તાનમાં કેટકેટલે અંશે સાચી પડી. છેલ્લા ૨૦ વર્ષથી પ્રજા પાશ્ચાત્ય અને આધુનિક વાતાવરણમાં ઉછરી અને તેવી જ ઉમ્મીદો રહીને જીવતી પ્રજાને માથે ૧૫મી ઓગષ્ટે તાલિબાનનો પંજો વીંઝાયો અને સ્ત્રીઓ અને દીકરીઓ એકાએક ક્રૂર અને કટ્ટર ઈસ્લામી તાલિબાનોના હાથમાં સત્તા આવી અને તેમાંથી વછૂટવા માટેના ધમપછાડા આપણે ટી.વી. ઉપર જોયા. એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી. એમ લોકો કાબુલ છોડવા માટે અધીરા અને મરણિયા થઈ પડ્યા.

તાલિબાનોના સકંજામાંથી છૂટવા માટે માતૃભૂમિ, સગાવ્હાલા અને પરિજનોને છોડીને કાબુલ બહાર નીકળી જવાના હવાતીયા મારતા આપણે જોયા. દરેક વખત આવો જ રહેશે તેની કોઈ ખાતરી નથી કઈ ઘડીએ શું થાય તેની કોને ખબર છે.

આવું જ આપણું છે. ૩૦-૬૦ વર્ષ સુધી જોર અને જોમ સાથે જીંદગી પસાર થતી હોય. આર્થિક, સામાજિક, કૌટુમ્બિક દ્રષ્ટિએ સુખી મનાતી વ્યક્તિને વૃદ્ધાવસ્થાની શારીરિક, કૌટુમ્બિક અને આર્થિક પરિસ્થિતિનો વિચાર સરખો નથી આવતો. લાડકોડમાં ઉછરેલ સંતાનો ૭૫-૮૦-૮૫ વર્ષે પહોંચેલા. આપણા માટે કેટલો ભોગ આપી શકશે ? શેરી અને આડોશ પાડોશમાં વચ્ચે ઉછરેલા આપણે મોબાઈલ, ફલેટ અને સ્વાર્થની દુનિયામાં ધકેલાઈ જઈએ છીએ. આજે જે આશા ઉમ્મિદોના મિનારા બાંધ્યા છે તે ફળીભૂત થશે ? આ વિચાર યુવાનીમાં જ કરવો જરુરી છે. બેંકોના વ્યાજના દર ૧૦% થી ૫% થઈ જશે. મોંઘવારી આભને આંબશે અને દીકરાઓ આપણી દરકાર કરવાને બદલે પોતપોતાની અને તેમના બાળકોની પ્રગતિ માટે આપણને છોડીને ક્યાંક હજારો માઈલ દૂર જશે. **અંતે તો આપણે એકલા જ રહેવાનું છે.**

આથી જ નિવૃત્ત થતા પહેલા આપણે ચેતી જવાનું છે. નિવૃત્તિ પછી આપણો જીવન નિર્વાહ, માંદગી વિગેરેનો વિચાર પહેલેથી જ કરવો પડશે. આર્થિક રીતે સ્વાવલંબી થવાનું છે અને ભવિષ્યની માંદગી માટે મેડીક્લેમ જેવા વીમા લેવા જરુરી છે. અત્યારના સમયમાં માંદા પડવું તે એક ક્રાઈમ (ગુનો) છે. કોર્પોરેટ હોસ્પીટલના મોટા-મસ બીલના પેમેન્ટ કરતા કમર ભાંગી જાય છે, દેવું કરવું પડે છે. માટે જ નિવૃત્તિ પછીનું જીવન સંતોષ અને આનંદથી વ્યતિત થાય તે માટે અત્યારથી પગલાં લેશો તેવી આશા સાથે વિરમું છું.

# અશક્તાશ્રમના આશ્રયે

## અમારો આનંદ જ આ

- ઉષા ચંદ્રવદન શાહ

દોઢ વર્ષથી કોરોનાએ અમને ડાકોર જતા અટકાવી દીધા હતા. વિડિયો કોલ થાય. અમે એમને જોઈએ અને તેઓ અમને. હવે તમે બન્ને ક્યારે આવશો ? બોલે. બન્ને પક્ષે હૃદય વલોવાય. ઈશ્વરે કૃપા કરી ચોથી જુલાઈ ૨૦૨૧એ અમે ભગવાનનું નામ દઈ ઘરની ગાડીમાં નીકળ્યા. તેઓએ કરેલા સ્વાગતને શબ્દમાં કહેવાય તેમ નથી. તે તો હૃદયમાં જ સચવાય. તેમની સાથે બાવીસ દિવસ રહી. પહેલો હિંડોળો કરી પાછા ફર્યા.

આ પહેલાં પણ મેં લખ્યું કે Ashaktakshram is not a matter of administration but a matter of meditation અલબત્ત સુલભ સગવડો અને સુદૃઢ સંચાલન ખાસ જોઈએ. છાપરાના આશ્રય નીચે બધી જ સગવડોનો વિચાર કરવો જ પડે. પણ છાપરાને છત્રમાં ફેરવવાનું અનિવાર્ય છે નહિતર તો 'ઘરની દાઝી વનમાં ગઈ તો વનમાં લાગી આગ' સૌને પ્રેમ જોઈએ છે. ઘડપણમાં પ્રેમ અને સન્માનની જરૂર છે કારણકે આ જ પરિવાર માટે જાતને ઘસી છે, હવે પરિવારજનો તેમની ફક્ત ગણના કરે તેવી આકાંક્ષા સેવાઈ રહી છે, તે નથી થતું એટલે વિકલ્પ તરીકે વૃદ્ધાશ્રમો ઉભા થયા છે. બસ અહીંથી જ સંચાલકના કામની શરુઆત થાય છે. તેમની લાગણીઓને પંપાળવાની, તેમની મનોદશાને સમજવાની, તેમની આકાંક્ષાઓને ઠંડી પાડવાની, તેમની શારીરિક લાચારીઓને ટેકો આપવાની ઈશ્વર શક્તિ આપે.

અમે અશક્તાશ્રમમાં પગ મુકીએ કે દાદા-બાઓને પગે લાગી પહેલા સીધા શ્રી રાધાકૃષ્ણને પગે લાગવા જોઈએ. વિમળાબા ચરણામૃત અને પ્રસાદ આપવા પહોંચી જ ગયા હોય. દર્શન કરતી વખતે મને પામર માનવીને ભગવાનના વસ્ત્રો દેખાય. તેમની આઈબ્રો દેખાય, આઈ લીડ્સ દેખાય, હોઠની લીપસ્ટીક દેખાય બધો જ બાહ્ય દેખાવ. બધામાં ઝાંખાશ આવી ગઈ'તી. વિમળાબા તો ભગવાનને જોઈને ખુશ ખુશ દેખાય. કારણકે તેમને શ્રી રાધાકૃષ્ણની મૂર્તિમાં સાચૂકલા ભગવાન દેખાય છે. વિમળાબા ભગવાનને સાબુ લગાડી ઘસી ઘસીને ન્હવડાવે. બહેન આપણને પરસેવો થાય છે તો ભગવાનને ન થાય ? જ્યારે મૂર્તિકારો કહે છે કે મૂર્તિને પાણીનું ટીપું નહીં લગાડવાનું ફક્ત ચોખ્ખા કોરા કપડાથી લૂંછી લેવાના. અમે અનુપમ મિશનના (મોગરી) પૂજ્ય અશ્વિનભાઈને ફોન કરી વાત કરી. તેમણે ત્રણ ચાર દિવસમાં જ જયપુરથી કારીગરોને બોલાવી આપ્યા. ચાર પાંચ દિવસમાં તેમની સૂરત બદલાઈ ગઈ. સૌ ખુશખુશ થઈ ગયા. મેં પ્રાર્થના કરી કે વિમળાબાની શ્રદ્ધા-વિશ્વાસ મારામાં આવે. અમે શ્રી અશ્વિનભાઈના આભારી છીએય

મંદિરની સામે જ કૃષ્ણને પ્રિય એવું કદમ્બનું ઝાડ હતું. પેલું ગીત યાદ હશે.

**"કદમ્બના ઝાડ નીચે ઉંધોરે લટકી**
**રોજ આવી ફોડતો મારી મટકી"**

એ ઝાડ સુકાયું. કદમ્બના નવા છોડને રોપવાનું નક્કી થયું. માળીને બોલાવીને છોડ રોપાવી ના દીધો. વૃક્ષારોપણનો મંગલમય પ્રસંગ બનાવ્યો. એ પ્રસંગને જીવંત બનાવ્યો. ઠાસરા જિલ્લાના તલાટી શ્રી વિપુલભાઈને મુખ્ય મહેમાન તરીકે બોલાવ્યા. તેમના હાથે પૂજન કરાવ્યું. આરતી ઉતારી પછી છોડ રોપાવ્યો. ચંદ્રવદનભાઈએ તેમના કથનમાં વૃક્ષની મહત્તા સમજાવી. પર્યાવરણમાં તેની થતી અસરનું મહત્વ સમજાવ્યું. જ્યારે આતો ભગવાનને પ્રિય એવું ઝાડ. વિપુલભાઈ આ સંસ્થાના અભિગમને સાંભળીને ખુશ થયા. સૌ બા-દાદાઓએ થોડું થોડું પાણી રેડીને આનંદ માણ્યો.

એક દિવસ **"મસાલા મામી"** મુવી બતાવી. પદમારાણી અભિનિત મુવી કોમેડી હતી. ગુજરાતીમાં હતું તેથી બધાય ને મઝા આવી. એકધારા જીવનમાં રસના ચટકા સૌને ગમે છે. તેથી જ અશક્તાશ્રમમાં બધા જ પર્વો-પ્રસંગો અને પ્રયોગો મનભાવન ધામધૂમથી ઉજવાય છે. અમને મુંબઈગરાઓને પણ એમાં ડુબાડી દે છે.

એક દિવસ અશક્તાશ્રમમાં બનાવડાવેલ જલેબી-ગાંઠીયાની ઉજાણી વહેલી સવારે ૮-૩૦ વાગે ગાર્ડનમાં કરી. આજ જલેબી-ગાંઠિયા ડાઈનીંગ ટેબલ ખરુશી પર ખવડાવીએ તેના કરતા સૌની સાથે ગાર્ડનમાં ખાવાની મજા કંઈ ઑર છે. ચંદ્રવદનભાઈ અને આમંત્રિતોએ તેમના કથનમાં આનંદ વ્યક્ત કર્યો.પૂનિત અને તેની ટીમના વખાણ કર્યા. પૂનિતે તેનો પ્રત્યુત્તર પણ સરસ આપ્યો.

એક દિવસ સાંજે અંતાક્ષરી રમાડ્યા. બાઓ અને દાદાઓ વચ્ચે રસાકસી. આમંત્રિત સ્વજનો પણ જોડાયા. તેમના ગીતો, તેના શબ્દો, તેમની અંદર છૂપાયેલી મનોભાવનાને વ્યક્ત કરે છે. એક બા જે નાની ઉંમરમાં વિધવા થયેલા તેમણે ગાયું.

**'યે રાતે યે મૌસમ નદી કા કિનારા યે ચંચલ હવા....'**

બીજા બાએ ગાયું....

**'યે મેરા પ્રેમ પત્ર પઢકર તુ નારાજ ન હોના,**
**કી તુમ મેરી જીંદગી હો, કી તુમ બંદગી હો'**

ત્યારે મારા રૂંવાડા ઉભા થઈ ગયા. એક દાદાએ ગાયું...

**'છલિયા મેરા નામ, છલના મેરા કામ,**
**હિન્દુ-મુસ્લિમ શીખ ઈસાઈ સબકો મેરા સલામ'**

ત્યારે સૌએ તાળીઓથી તાલ આપ્યો. હાસ્યનું મોજું ફરી વળ્યું. અંતાક્ષરી સફળ પ્રયોગ છે તેવું લાગ્યું. મનમાં પડેલી લાગણીઓ વ્યક્ત કરવાનું માધ્યમ છે.

આવી ગયા ધાનદાનના દિવસો. ૨૭ ગામડાના જરુરિયાતમંદ વૃદ્ધોને અનાજ અને અન્ય જરૂરિયાતની જરૂરિયાત વસ્તુઓ આપણે આપીએ છીએ. ૨૭ ગામડાને બે દિવસમાં વહેંચી દીધા. આપણા પક્ષે વ્યવસ્થિત આયોજન થઈ ચુક્યું હતું.આપવાનું અનાજ, તેલ, ગોળ, ખજૂર, ખાંડ, ગોળ વિ. થેલાઓમાં ભરાઈ ગયા હતા. ટ્રકો તૈયાર હતી, એકબાજુ કર્મચારી વર્ગે બધું ટ્રકમાં મુકવાની શરૂઆત કરી. બીજી બાજુ સ્વજનો અને X- ગ્રુપના સેવાભાવી યુવાનો પણ આવી ગયા. સૌને નાસ્તો કરાવ્યો અને સૌની સવારી ગામડા તરફ ઉપડી. ગામડાની સ્કૂલમાં જ્યાં મોટું મેદાન હોય તે નક્કી કરવામાં આવી. સ્કૂલના પ્રિન્સીપાલ અને ગામના સરપંચ હાજર રહે છે. વદ્ધો માસ્ક પહેરી શિસ્તબદ્ધ રીતે ગોઠવાઈ ગયેલા હતા. એક પછી એક લેવા આવે. વાંકા વળી ગયેલા, લંગડાતા, અશક્ત એવા દરિદ્રોને જોઈને હૃદય હાલી ગયા. તેમને ૧૦ રૂપિયા રીક્ષામાં જવા માટે પણ આપીએ છીએ. પણ બાર થી તેર કિલો જેટલું વજન રિક્ષા સુધી લઈ કેવી રીતે જવું ? X- ગ્રુપના યુવાનો સ્કુલની બહાર રિક્ષાઓ સુધી મૂકી આવવાની સેવા કરતા. ભણતા ભણતા માનવતાના પાઠ પણ અનાયસે ભણવા લાગ્યા. **"હું માનવી માનવ બનું તો ઘણું"** ધન્ય છે આ યુવાનોને. અશક્તાશ્રમમાં થતા પ્રયોગોમાં આ ટોચનો પ્રયોગ છે. આ ૨૪મો ધાન-દાન પ્રયોગ હતો.

સૌ વડીલોના આગ્રહ થકી અમે પહેલાં હિંડોળા સુધી રોકાઈ ગયા. સુંદર હિંડોળો ભરાયો. ફૂલ અને દિવડાઓની લટકતી સેરો વચ્ચે લાલજી હિંડોળે ઝૂલતા'તા. સુંદર અને મંગલમય દર્શન હતા. આ વખતના એન્યુઅલ રિપોર્ટમાં મુખપૃષ્ઠ પર તેનો ફોટો છે. જે તમે જોયો હશે. સૌને આનંદ આવ્યો.

**આ છે અશક્તાશ્રમનો અભિગમ**

# સંસ્થા સમાચાર

- કે. બી. શાહ

### હોળી - ધૂળેટી

અશક્તાશ્રમના આંગણે સેવા વર્ષના કોરોનાકાળના લાંબા કમુરતા પછી આશ્રમના મોભી એવા વડીલશ્રી ચંદ્રવદનભાઈ /સુશ્રી ઉષાબેન પધાર્યા.ને કાર્યક્રમોની ઝાકમઝોળ નવા વિચારો નવા સત્કાર્યોની વણઝાર આશ્રમના પરિસરમાં કૃષ્ણને પ્રિય કદમ્બના વૃક્ષ દ્વારા વૃક્ષારોપણ ધરાશયી થઈ ગયેલ કદમ્બનું વૃક્ષની વિધિ વિધાન સાથે પ્રાણ પ્રતિષ્ઠા થઈ. તલાટી સાહેબ શ્રી બિરેનભાઈની નિશ્રામાં, સ્વજનોની હાજરીમાં અને આશ્રમવાસીઓની સાક્ષીમાં એક સરસ કાર્યક્રમ થયો. સ્વજન કે.બી. શાહનું ગૌરક્ષક પાંજરાપોળ ડાકોરમાં ટ્રસ્ટી તરીકે તથા શ્રી વિનોદભાઈ સુખડીઆની સેવાની નોંધ લઈ સન્માન કરવામાં આવ્યું. ભાઈશ્રી પૂનિત અને પિન્કીએ સુંદર સજાવટ કરી ચાર ચાંદ લગાડી દીધા હતા. શ્રી ચંદ્રવદનભાઈએ દરેક આશ્રમવાસીઓને રૂા. ૧૦૦/- અને ચંપારણ્યના પ્રસાદનું હાજર સૌને વિતરણ કર્યું હતું.

### રથયાત્રા પર્વ

અષાઢી બીજનું ખૂબ જ મહત્વ છે. મોરલા ટહુંકે ને વરસાદના અમી છાંટણાની આશા બંધાય. આશ્રમના વૃદ્ધોને રણછોડરાયની મંદિરની રથયાત્રા જોવાનો દર્શન કરવાના કોડ હોય પરંતુ તેમાં આ શુભ ભાવનાનું આશ્રમમાં જ સંતોષી શકાય તે શુભ હેતુથી આશ્રમમાં જ ભાઈશ્રી પૂનિત અને પિન્કીના પ્રયત્નને સુઝબુધથી રથ તૈયાર કરાયો. સમયે સ્વજનો, વાજતે ગાજતે રથ આયો રણછોડ મહારાજાના ગગન ભેદી ગૂંજથી લાલજીને રથમાં બેસાડી ભજન કિર્તન કરતાં ધીમે ધીમે સમગ્ર આશ્રમના ખૂણે ખૂણે સઘન કક્ષમાં પ્રત્યેક રૂમમાં સૌને રથયાત્રાનો લ્હાવો લેવડાવ્યો. અંતરથી સૌ રાજી થતાં સૌને જોયા. થાળ, આરતી નજર ઉતારવી, કાનાની તે તો બધું પરંપરાગત રીતે થાય જ. રાધા-કૃષ્ણ મંદિરમાં લાલજીને બેસાડ્યા. એક આનંદ પર્વ આનંદથી ઉજવાયું.

### ભજન સંધ્યા

એ આશ્રમનું અવિભાજ્ય અંગ છે. કાયમી ઉત્સવ છે. પ્રમુખશ્રી અને ઉષાબેનની હાજરીથી ભજનસંધ્યા વાતાવરણ ભર્યું ભર્યું લાગે. સૌને આનંદિત કરવા પોતાની શક્તિઓને કામે લગાડવાનું મન થાય. સ્ટેજ સુશોભન કાર્યક્રમને વધુ આકર્ષિત બનાવે. શ્રી જયરામભાઈ, શ્રીરાજુભાઈ ભટ્ટ, કે.બી. શાહ, અનિલ પ્રભુ, કમલેશ સેવક હાજર થઈ જાય એટલે વિવિધ પ્રાસંગિક ભજનોની રમઝટ બોલાય. આશ્રમવાસીઓ પણ તાલી આપી દાદ આપે. આ વખતે લગભગ કોરોનાના કારણે સ્વર્ગસ્થ થયા હોય તેવા જગત આખાના જે કોઈ માનવયાત્રી હોય તેને શ્રદ્ધાંજલિ સ્વરુપે શોકના ભજનો વધુ ગવાયા.

### અંતાક્ષરી અને નાટક

અજય ગાર્ડનમાં સૌ એકઠા થયા. ખુલ્લા મને ઉંમરનો બાધ રાખ્યા વિના ફિલ્મીગીતો, ભજનગીતો ગાયા, ગીતના અંતિમ અક્ષરને લઈને પકડીને બીજા ગીતને ખો અપાતી રહી. શ્રી ચંદ્રવદનકાકા પણ બાળક બની વૃદ્ધત્વને છોડી ગાય. જેવું ફાવે તેવું. (ગમે તેવું) છતાં ગમે તેવું ગાય. શ્રી ઉષાબેન સૂર પુરાવે. મઝા મઝા પડી જાય. સત્સંગ હોલમાં નાટક પણ બતાવાયું.

### ધાનદાન પ્રયોગ-૨૪ તથા પગરખા વિતરણ

બે દિવસ કાર્યક્રમમાં ફક્ત ગામડાની જરુરિયાત વધુ હોઈ ગામડાને બે ભાગમાં વહેંચી દીધા હતા. કુલ ૭૩૩ લાભાર્થી અને ૧૭ કર્મચારીએ ભાગ લીધો. કીટમાં ૫ કિલો બાજરી, ૨ કિલો ચોખા, ૨ કિલો છોડા મગદાળ, ૨ કિલો મોરસ, ૧ લીટર તેલ, ૨૫૦ ગ્રામ ચ્હા, ૧ કિલો ગોળ અને છત્રી આપવામાં આવી. આશરે રૂા. ૭૦૦ની કીટ આપવામાં આવી.શ્રી ચંદ્રવદનભાઈ, શ્રી ઉષાબેન, શ્રી નરેશભાઈ, શ્રી ઉત્પલભાઈ, શ્રી ગીરીશભાઈ ટ્રસ્ટીગણ સ્વજનશ્રી અશ્વિનભાઈ ખંભોળજા શ્રી કે.બી. શાહ, શ્રી રાજુભટ્ટ, શ્રી અનિલપ્રભુ, શ્રી મહેન્દ્ર ડી વાળાના અથાગ પ્રયત્નોથી ધારણાથી વધુ સફળતા મળી. રખિયાલ મુકામે લાભાર્થીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા કરી. એક સેવામાં પીંછુ ઉમેર્યું. પ્રચારમાં પણ મહેન્દ્રભાઈ વાળાની સેવા નોંધનીય રહી.

### હિંડોળા દર્શન / પંદર ઓગષ્ટ / રક્ષાબંધન / શિતળા સાતમ / જન્માષ્ટમી / નંદમહોત્સવ

વડીલ શ્રી ચંદ્રવદનભાઈ આવતાની સંગાથે દાનનો અસ્ખલિત પ્રવાહ વહેવડાવ્યો. ડાકોરની સ્થાનિક નાની-મોટી સેવા સંસ્થાઓને અને બહારની કોઈપણ સેવા કરતી સંસ્થાઓને અઢળક દાન આપ્યું. કે.બી. શાહને સેતુ બનાવી દંડીસ્વામી આશ્રમને તેની જગ્યામાં ગૌશાળા શરુ કરવા કામની પ્રગતિ જોતાં પોતાનું કોઈપણ નામ નહીં લખવાની શરતે દાનની બાંહેધારી આપી. મુંબઈ જવાના આગલે દિવસે અષાઢ સુદ-૧-૨, હતી. સુશ્રી ઉષાબેનના માર્ગદર્શનથી ભાઈશ્રી પૂનિત-પિન્કી-આશ્રમવાસીઓએ હિંડોળો તૈયાર કર્યો. ખૂબ જ કલાત્મક હિંડોળો તૈયાર થયો. ને સૌની હાજરીમાં હિંડોળા ગીતો **'નિરખ્યા મેં નંદકુમાર જમુના તીરે- ઝૂલતા ધીરે'** થી પ્રારંભ થયો. સ્વજન કે બી, પ્રભુ, સબ બંદર કા વહેપારી એક સારો ભજનીક પૂનિત અને કમલેશ સેવકે વાતાવરણ ભક્તિમય બનાવ્યું. સૌને હૃદયથી આનંદ થયો. પરંપરાગત રીતે ૧૫મી ઓગષ્ટ ઉજવાઈ, રાષ્ટ્રિય ગીતો, ધ્વજવંદન ખાસ નગરના સેવક એવા શ્રી વિપુલભાઈ શાહ અને શ્રી ભરતભાઈ ખંભોળજાને આમંત્રિત કરાયા. સ્વજનોની હાજરી પ્રશંસનીય હોય છે. રક્ષાબંધનનો તહેવાર પરસ્પર રક્ષા બાંધી ઉજવાયો. કર્મચારી બહેનોએ વૃદ્ધોને રાખડી બાંધી તો વૃદ્ધોએ ભાઈશ્રી પૂનિતને રાખડી બાંધી. અભય વરદાન આપ્યું. કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રે.... ગવાયું.

શિતળા સાતમ સુશ્રી ઉષાબેનનો જન્મદિન હોઈ વૃદ્ધોના આનંદ માટે આશ્રમની બહાર કુદરતી વાતાવરણમાં ઉજવાય તેવો પ્રયત્ન રહે છે. તક ઝડપી લીધી. કે બી શાહે - દંડીસ્વામી બાપુને ય ગૌશાળાના ખાસ મુહુર્ત માટે કોઈ બહાનું જોઈતું હતું તે શ્રી ઉષાબેનનો જનમદિન પણ પાદરે હતો. સૌ સાધુ સંતો આમંત્રિતો આશ્રમવાસીઓ સ્વજનોને પધારવા ખાસ વિનંતી થઈ. અને ભજન કરતાં ખાત મુહુર્તની શિલા મુકાઈ મંત્રોચ્ચાર સાથે. સૌએ લાગણીથી સુશ્રીઉષાબેનના જન્મદિને શુભેચ્છાઓ પાઠવી. ખાસ દંપતિના સ્વાસ્થ્યની કુશળતા માટે પ્રભુને પ્રાર્થના કરી.

જન્માષ્ટમી રાધાકૃષ્ણ મંદિરમાં હવે તો પૂનિત બધી રીતે ટેવાઈ ગયો હોઈ પોતાની હૈયાસૂઝથી સ્થળનું અલૌકિક ચિત્ર ખડું કર્યું. નંદાલયનું ચિત્ર ખડું કરી દીધું. રાત્રે પ્રાસંગિક ભજનો કનૈયાને આવવા માટે કાલાવાલા કરતાં ગવાયા. કે.બી. પ્રભુ, પુનિત, સાથે આશ્રમવાસી બાઓ જોડાઈ બારના ટકોરે કૃષ્ણ જન્મ થયો. આવરણ ખસી ગયું અને નંદ ઘેરઆનંદ ભર્યોના નાદ ગુંજાયા. થાળ, આરતી, પંચાજીરી, પેંડા પ્રસાદ વહેંચ્યા. બીજા દિવસે નંદ મહોત્સવ-મટકીફોડ કાર્યક્રમ પણ થયો. પૂનિતનો ભાણેજ મદ્રાસથી આવેલ તેને મટકી ફોડી. મિત્રોથી પિરામીડ તૈયાર થયો અને વાજતે ગાજતે ધૂનો બોલાવાઈ. આશ્રમ હંમેશા હૃદયના ધબકારાની જેમ ધબકતો રહે છે તે તો એની સાચી ઓળખ છે.

### ગણેશોત્સવ અને વાર્ષિક સામાન્ય સભા

૧૦મી સપ્ટેમ્બરે અશક્તાશ્રમમાં ગણેશજીનું સ્થાપન થયું. અમદાવાદથી નરેશભાઈ આર્કિટેક ભુપેનભાઈ પુનાતર, ગીરીશભાઈ અને ઉદયભાઈ આવવાના હતા. ભાઈશ્રી પૂનિતે સંપૂર્ણ સુશોભન સાથેની તૈયારી કરી રાખી હતી અને ૯-૧૫ મિનીટે જેવા બધા અમદાવાદથી આવ્યા કે તરત જ **"ગણપતિ બાપા મોરિયા"**ના બુલંદ અવાજ સાથે પૂજન કરી ગણપતિબાપાની સવારી આશ્રમના પરિસરમાં ફેરવી. સૌ પ્રથમ રાધાકૃષ્ણ મંદિરમાં દર્શન કરી દરેક વોર્ડ અને સઘન સારવાર કક્ષમાં પણ ગણપતિબાપાના દર્શન અશક્ત વૃદ્ધોને કરાવ્યા. છેલ્લે સત્સંગ હોલમાં ગણપતિ બાપાની આરતી ઉતારી વાતાવરણ ગણપતિમય થઈ ગયું. બધા જ આશ્રમવાસીઓ નરેશભાઈ અને ટ્રસ્ટીઓ પણ છેક સુધી સાથે ફર્યા. સર્વેને ખૂબ આનંદ આવ્યો.

સને ૨૦૨૦-૨૧ની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૦-૯-૨૦૨૧ના રોજ બપોરે ૨-૩૦ કલાકે રાખવામાં આવેલ. નોન કોરમ મીટીંગ ત્રણ વાગે શરુ કરવામાં આવી. પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈની ગેરહાજરીમાં ઉપપ્રમુખ શ્રી નરેશભાઈએ મીટીંગનું સંચાલન સંભાળ્યું. નરેશભાઈ વેદ, ગીરીશભાઈ, ઉદયભાઈ, સંજયભાઈ વિગેરે ટ્રસ્ટીઓ અને સ્વજનો મીટીંગમાહાજર રહ્યા હતા.

આપણા ટ્રસ્ટી સ્વ. ઈન્દ્રવદનભાઈ ભગત તેમજ વર્ષ દરમ્યાન ગુજરી ગયેલ આશ્રમવાસીઓને શ્રદ્ધાંજલિ આપી બે મીનીટનું મૌન પાળી મીટીંગની શરુઆત કરી.

વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓની નરેશભાઈએ વિસ્તૃત માહિતી આપી અને હિસાબની વિગતો પણ આપી. નવા સ્વજનોશ્રી રાજેન્દ્રભાઈ આર. શાહ અને હિરેનભાઈ જી. શાહને આવકાર આપ્યો. વેદ સાહેબ, સંજયભાઈ વિગેરે પણ સભાને સંબોધી. ઉદયભાઈએ આભાર વિધી કરી અને ત્યારબાદ સર્વેશ્રીએ આઈસ્ક્રીમને ન્યાય આપી છૂટા પડ્યા.

## કિનારે આવેલ વહાણની યોગ્ય ગતિ

-વિનોદભાઈ ઠાકર (સંવાહક-પ્રાર્થના પરિવાર)

વૃદ્ધોને આ સંસારમાં વધુ દુઃખી પ્રાણી તરીકે જોવામાં આવે છે. અનેક રોગોએ તેમને ઘેરી લીધેલા હોય છે. કોઈ યુવાન તેમની સાથે શાંતિથી બેસીને વાત કરવાનો સમય ફાળવતા નથી. તેમની વાતોમાં કોઈ વજુદ નથી હોતું તેવું પહેલેથી માની લેવામાં આવે છે. પરિણામ સ્વરુપ તે વૃદ્ધો એકલતાના મહેલમાં જીવતા હોય છે. સાધનો સુખ-સગવડ અને ઉત્તમ સુવિધા વચ્ચે પણ તેમનું મન એક અસંતોષના ભારથી લદાયેલું રહે છે. આ અસંતોષના ભારમાંથી મુક્ત થવું હોય તો વૃદ્ધોએ જાતે જ જાગવું (ઉઠવું) પડશે. સ્વપસંદની પ્રવૃત્તિમાં રસ દાખવીને વહેલામાં વહેલી તકે જોડાઈ જવું જોઈએ. તમે હવે શું ન કરી શકો તેના તરફ લક્ષ્ય રાખ્યા સિવાય તમે શું કરી શકો તેને સંશોધિત કરી તેમાં જોતરાઈ જવું જોઈએ. વૃદ્ધો કાંઈ જ કરી ન શકે તે માન્યતામાંથી તમારી જાતે જ બહાર આવવું પડશે... હા જે કાંઈ કરો તેમાં અન્યનો લાભ અને હિત અવશ્ય સમાયેલા હોવા જોઈએ. માન, અપેક્ષા વગર તમે નાનું સરખું કામ પણ હાથમાં લઈ લેશો તો તમારી કિનારે આવેલી નાવ અવશ્ય પાર થઈ જશે. ગુજરાતીમાં એક ઉક્તિ છે ''કિનારે આવેલું વહાણ ડૂબી ગયું'' આ પરિસ્થિતિમાંથી બચવું હોય તો થોડાક મનથી સજ્જ બનવું જ પડે. આનાથી મને શું મળશે એ વિચાર છોડો. હું બીજાને શું લાભ પહોંચાડી શકું છું. તેના જ લેખા-જોખા કરતાં રહેવું. પ્રસન્ન ચિત્તે પ્રવૃત્તિમાં રહેવાથી તમારું કિનારે આવેલ વહાણની ડુબવાની ઘટના કદીયે બનશે નહીં.

પોતાને સુખ મળે તે સ્વાર્થ વિચાર છે. આ સ્વાર્થની મુઠ્ઠી છૂટી જાય અને અન્યને કેવી રીતે સુખ મળે તેવા વિચારને અમલમાં મૂકતાં જ તમે સૌની ચાહત બની જશો. ગામડાના એક માજી ૯૦ વર્ષે પણ વહુને કહી દીધું હતું. કુટુંબ વસ્તારી હતું. ઓછામાં ઓછા પંદર-વીસ રોટલા ઘડવાનું કામ હતું. માજીએ રોટલા ઘડવાનું અને બનાવવાનું કામ તો મારું જ... હોંશે હોંશે સ્વિકારી લીધું હતું. જ્યારે તે આ કામ કરે ત્યારે ઘરની ઘણી સ્ત્રીઓ કાયમ હાશકારો અનુભવતી. તેમની જાળવણી માટે બધા તેમને વીંટળાઈ વળતા. ભગવાનના દીવા માટે રૂની દીવેટો બનાવવાનું કામ પણ આ રીતે જ તેમણે સ્વીકારી લીધેલું.

વરંડામાં કચરો પૂંજો વાળવાનું કામ પણ તેમણે સ્વેચ્છાએ સ્વીકારેલું. તેમના યુવાન છોકરાઓ તેમને કહેતા 'બા' ઘરમાં કામવાળા આવે છે. તે વરંડામાં કચરો પૂંજો વાળી લેશે. તમે શું કામ જહેમત લો છો ? માજીનો જવાબ હતો ''બેટા મને એક આદત પડી ગઈ છે. તું મને આ બાબતે કાંઈ જ કહીશ નહિં.....''છોકરા કહેતા પણ બા લોકો જુએ તો બધાને કેવું લાગે ? કહેતા ફરે કે માજી જોડે તેમના છોકરાઓ કામ કરાવે છે. બેટા સમાજને બોલવા દે. શ્રમની નિંદા કરનારા ક્યારેય શ્રમનું મહત્વ સમજતા હોતા નથી. શ્રમનો મહિમા શું છે તે મારો અંતરઆત્મા જાણે છે.

આમ ૯૦ વર્ષના માજીએ જીવન-તરાહમાં બે ત્રણ કામો પોતાના માટે રીઝર્વ કરી કુટુંબમાં પ્રેમથી રહેતા હતા... સૌને વહાલથી બોલાવે અને કોઈ માંદુ સાજું થાય તો ચોવીસે કલાક તેની સેવામાં હાજર રહે... ૯૦ વર્ષના માજી પણ આ કુટુંબનું એક અનિવાર્ય અંગ બની ગયા હતા...

અશક્તાશ્રમમાં રહેતા વૃદ્ધો અશક્ત નથી... તનથી અને મનથી સ્વસ્થ રહી તમે કઈ રીતે બધાને ઉપયોગી બની શકો તે અવશ્ય શોધી કાઢો અને સંચાલનમાં જોડાઈ જાઓ. તમે આશ્રમના એક અનિવાર્ય અંગ બની જાઓ. એ જ તમારા જીવવાનું બળ છે. આવું બળ તમને પ્રાપ્ત થાઓ એ જ ઈશ્વરને અભ્યર્થના.... જીવનના અંત સુધી જીવંતતા પૂર્વક જીવવું એ જીવવાની કળા છે. આશ્રમના આપ સૌ ચાલક બળ બની રહો અને આશ્રમના બહુમુલ્ય ઘટક બની જાઓ એવીજ અંતરની શુભેચ્છા સહ વડીલોને મારા પ્રણામ પાઠવું છું.

---

બુક-પોસ્ટ/પ્રિન્ટેડ મેટર

પ્રતિ શ્રી ______________________

______________________

______________________


**પ્રેષક :**

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,

ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858





સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦